વંચાણમાં

(૧) નિયામક સમાજ સુરક્ષા ખાતુ,ગુ.રા,ગાંધીનગર અને નિયામક દિપક ફાઉન્ડેશન વડોદરા વચ્ચે તા. ૦૧/૦૨/૨૦૧૭ના રોજ થયેલ સમજૂતિ કરાર

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક મકમ/૧૦૨૦૧૬/૪૨૪૪૩૬/છ તા. ૩૦/૦૮/૨૦૧૭

નં. અપગ/૧૮-૧૯/ ૩૮૬૪ ગાંધીનગર. તા.૦૨/૦૭/૨૦૧૮.

## આદેશ

નિયામક,સમાજ સુરક્ષા ખાતુ,ગુ.રા.ગાંધીનગર અને દિપક ફાઉન્ડેશન વડોદરા વચ્ચે ઉપરોક્ત વંચાણ-૧માં દર્શાવેલ તા.૦૧/૦૨/૨૦૧૭ના સમજૂતિ કરારને વંચાણ-૨માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરના ઠરાવથી મંજૂરી મળતાં નિયામક સમાજ સુરક્ષા ખાતા હસ્તકની (૧) જુવેનાઇલ હોમ વડોદરા (૨) અપંગ બાળ ગૃહ,વડોદરા (૩) સરકારી અંધ શાળા,વડોદરા (૪) આફ્ટર કેર હોસ્ટેલ,વડોદરા (૫) સૂચિત વૃધ્ધાશ્રમ વડોદરાનું વહીવટી સંચાલન નિયામક દિપક ફાઉન્ડેશન વડોદરાએ પી.પી.પી. ધોરણે પાંચ વર્ષની મુદત માટે વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૨-૨૩ સુધી સંભાળવાનું નક્કી કરેલ છે.

ઉપરોક્ત વંચાણ-૧ના તા.૦૧/૦૨/૨૦૧૭ના સમજૂતિ કરારમાં (૧) ૩.૨(૫) પ્રવર્તમાન સરકારી કર્મચારીઓને અથવા જો તેને સ્થાને અન્ય જે કર્મચારીઓની નિમણૂંક થઈ હોય તો તેમને પગાર સરકારશ્રીના ફિક્સપગાર (કોન્ટ્રાક્ટ) નિમણૂંકના નિયમોને આધારે ચુકવવા જરૂરી ભંડોળ આપશે.(૨) ૩.૨(૧૩) મુજબ સરકારી ધારાધોરણો મુજબ ખર્ચ મંજૂર કરવામાં આવશે.તથા બાળકો માટેના આઇ.સી.પી.એસ.ના ધારા ધોરણો મુજબ ખર્ચ મંજૂર કરવામાં આવશે.(૩) ૪(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નિયામક,સમાજ સુરક્ષા મારફતે દિપક ફાઉન્ડેશને ત્રિમાસિક નાણાંકિય ચુકવણી એડવાન્સમાં કરશે.

તા. ૦૧/૦૨/૨૦૧૭ના સમજૂતિ કરારની ઉપરોક્ત વિગતોને ધ્યાને રાખતાં તેમજ સદરહુ સંસ્થાને ચુકવવામાં આવતી ગ્રાન્ટની રકમનું બીલ જી.ટી.આર.૬૨-સીમાં ઉગવવામાં આવતું હોઇ નિયામક સમાજ સુરક્ષા ખાતાની ઓડીટ ટીમ દ્વારા સંસ્થાનું ઓડીટ કરાવીને ઓડીટ રીપોર્ટને આધારે પ્રત્યેક નાણાકીય વર્ષ પ્રમાણે ગ્રાન્ટ ચુકવવામાં આવે તે વધુ ઇચ્છનીય જણાતા હિસાબી અધિકારીશ્રી,હિસાબી શાખાને પ્રતિ વર્ષ દિપક ફાઉન્ડેશન સંસ્થાનું ઓડીટ હાથ ધરવાના અને ત્યારબાદ ઓડીટ રીપોર્ટ તૈયાર કરવાના આદેશ કરે છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ રવાના :- (૧) હિસાબી અધિકારીશ્રી વર્ગ-૧, હિસાબી શાખા
(૨) નાયબ નિયામકશ્રી અપગ શાખા/જે.બી.શાખા/વુ.પે.શાખા
(૩) જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, વડોદરા (૪) સંબધિત ફાઇલ (૫) આદેશ ફાઇલ
(૬) નિયામક,દિપક ફાઉન્ડેશન, વડોદરા